મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૫૫ ટકા
ગાંધીનગર તાપમાન

જિલ્લામાં શાકભાજીનું વધુ ઉત્પાદન થતા ભાવમાં ઘટાડો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં શાકભાજીના ભાવમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. બે માસ અગાઉ રૂ. ૭૦ થી ૮૦ કિલોના ભાવે વેચાતા શાકભાજી આજે રૂ. ૨૦ થી ૪૦ માં વેચાણ થાય છે. શહેરના શાકમાર્કેટમાં શાકભાજીની આવકમાં વધારો થતા ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે.

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં શિયાળાની સિઝનમાં શાકભાજીની આવકમાં વધારો જોવા મળે છે. જિલ્લાના આસપાસના તાલુકા મથકના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટીમાત્રામાં વિવિધ શાકના ઢગલે ઢગલા આવે છે. શહેરમાં જરૂરીયાત કરતા વધુ શાક આવતા શાકભાજીના ભાવ નીચે ઉતરતા હોય છે. બે માસ અગાઉ શાકભાજીના ભાવ ભડકે બળતા હતા. દરેક શાક રૂ. ૭૦ થી ૮૦ ના ભાવે વેચાણ થતુ હતું. ત્યારે ગૃહિણીઓના રસોડાના બજેટ ખોરવાઈ ગયા હતા. માત્ર શાકમાર્કેટમાં ફરીને ગૃહિણીઓ ખપ પુરતુ શાક ખરીદીને પરત ફરતી હતી. જયારે હાલના સમયે શહેરના સેકટર-૨૧, ૨૪ અને સે-૭ ના બજારમાં ગ્રાહકોથી ભરાયેલું જોવા મળે છે. શિયાળાની સિઝન હોવાથી ધાણા-મેથી, પાલખ, મુળા, લીલી ડુંગળી, સવાની ભાજી, તાંદળજા, ગાજર સહિતની ખરીદી ગ્રાહકો વધુ કરે છે. શાકભાજી બજારમાં કારેલા-૪૦, ટીંડોડા-૪૦, ગવાર-૪૦, ભીડા-૩૦, બટાકા-૨૦, ડુંગળી-૨૦, ફલાવર-૨૦, કોબીજ-૨૦, લીલી તુવેર-૪૦, રીંગણ-૨૦, વાલોર-૪૦, દુધી-૨૦, સુરણ-૬૦, રવૈયા-૨૦, ચોળી-૫૦, ગલકા-૪૦, તુરીયા-૪૦ ના કિલોના ભાવે વેચાય છે. જયારે આદુના ભાવમાં હાલ બજારોમાં તેજી જોવા મળે છે. આદુનો ભાવ કિલોના રૂ.૮૦ થી વધુ છે. નગરના શાક માર્કેટમાં શાકભાજીની લારીઓ હાલ વિવિધ શાકથી ભરાયેલી જોવા મળે છે. જયારે નગરજનો પણ ભાવમાં ગીરાવટ આવતા ફરીને ફરીને શાકભાજીની ખરીદી કરતા નજરે પડે છે. જયારે શાકમાર્કેટમાં શાકભાજી બજારમાં બટાકાનો ભાવ છેલ્લા છ માસથી એક જ રહેવા પામ્યો છે, તેમાં વધઘટ જોવા મળી નથી.

સેકટર-૨૩ એમ.બી.પટેલ સ્કૂલની કોમ્પ્યુટર લેબમાં આગ લાગતા નાસભાગ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ ખાતેની કડી સર્વ વિશ્વવિદ્યાલયના સંકુલમાં સ્થિત એમ.બી પટેલ પ્રાથમિક શાળા આજે આગની ઘટનાથી વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. એમ.બી પટેલ શાળાના કોમ્પ્યુટર લેબ માં અચાનક આગ ભભૂકી ઉઠતા શાળા સંચાલકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ દોડતા થઈ ગયા હતા. આગ દુર્ઘટના મામલે તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને કોમ્પ્યુટર લેબમાં લાગેલી આગને કાબૂમાં લઈ લીધી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી. ફાયર ઓફિસર મહેશ મોડ ના જણાવ્યા મુજબ પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટથી આગ લાગી હોવાનું અનુમાન છે. ધોરણ ૧ થી ૮ ના પ્રાથમિક શાળાના ૧૯૦૦ જેટલા વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ કરે છે જેમનો આબાદ બચાવ થવા પામ્યો છે.

શંકરસિંહ વાઘેલાના સ્નેહમિલન કાર્યક્રમમાંથી ખિસ્સાકાતરૂઓ સવા બે લાખ રૂપિયા સેરવી ગયા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ ખાતે આવેલી જુની સમર્પણ કોલેજના મેદાનમાં ૨૪ તારીખે શંકરસિંહ વાઘેલા સ્નેહમિલન કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં બાપુના સમર્થકો આવ્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ખબર પડી કે કેટલાય સમર્થકોના ખીસ્સામાંથી પાકીટ ચોરાઈ ગયા છે. બાપુના સ્ટેજ પાસે ભીડ જામી હતી ત્યારે ભીડભાડનો લાભ લઈને ખીસ્સાકાતરૂ કળા કરવા લાગ્યા હતા. બે સમર્થકોએ સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ખિસ્સામાંથી સવા બે લાખ રૂપિયા રોકડા સેરવીને ખીસ્સાકાતરૂઓ ફરાર થઈ ગયા છે. પોલીસે ચોરી મામલે ગુનો દાખલ કરીને કાર્યક્રમના વીડિયોગ્રાફર ના ફૂટેજ મેળવી ચોરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

અમદાવાદના શાહપુર ખાતે પ્રેરણા સોસાયટીમાં રહેતાં અને કન્ટ્રકશનનો વ્યવસાય કરતા વાજીદખાન ઈસ્લામુદીન પઠાણે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે. ૨૪ નવેમ્બરના રોજ તેઓ તેમના સે-૨૪ ખાતે રહેતા મિત્ર મોહંમત શફી મોહંમદ હનિફ કુરેશી સાથે મળીને શંકરસિંહ વાઘેલાના સ્નેહમિલનમાં પહોંચ્યા હતા. અઢી વાગ્યે શંકરસિંહ આવતા આ બંને મિત્રો પેથાપુરના યુસુફભાઈ પરમાર સાથે સ્ટેજ પર હાર પહેરાવવા માટે ગયા હતા. સ્ટેજ પાસે ભારે ભીડ હતી તે દરમિયાન વાજીદભાઈના પેન્ટના જમણા ખિસ્સામાં કોઈએ હાથ નાખ્યો ને રૂપીયા સેરવી લીધા હતા. ખીસ્સામાં તપાસ કરતાં ૨ લાખ રોકડા ગાયબ હતા. જેની જાણ તેમણે મિત્ર મોહંમદ કુરેશીને કરતાં તેમણે પણ ખિસ્સા તપાસતા તેમના ખિસ્સામાંથી ૨૬,૫૦૦ રોકડા ગાયબ હતા. માતાની જુહાપુરા ખાતે મણકાની સારવાર ચાલતી હોવાથી ફરિયાદીએ તે વખતે ફરિયાદ કરવાનું ટાળ્યું હતું. ગઈ કાલે બુધવારે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પીએસઆઈ અંકિતા શાહે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

રાજયના સમગ્ર રાજપૂત ગરાસદાર સંગઠનો દ્વારા ગુજરાત રાજપૂત ગરાસદારની તમામ જ્ઞાતિ-સમાજને

(ઓબીસી)માં અલગથી અનામત આપવા માટેનો યોગ્ય નિર્ણય લેવા તેમજ સમિતિ બનાવી સર્વે કરાવીને અન્ય જ્ઞાતિના ૫૦ ટકા સિવાયનો અલગથી કવોટા નક્કી કરી તંત્ર દ્વારા સત્વરે યોગ્ય ઠરાવ કરવામાં આવે, તેમજ રાજપૂત સમાજની માંગણી અને લાગણી સરકાર સુધી પહોંચાડવા માટે સમગ્ર ગુજરાત રાજપૂત ગરાસસિયા સમાજના સંગઠન તરફથી ઓબીસીના અધ્યક્ષને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. આ પ્રસંગે રાજપૂત સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

ફુટસલની રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ગુજરાત તૃતીય સ્થાને : બોયઝ ટીમમાં ગાંધીનગરનો આદિત્ય ઠાકોર પણ રમ્યો

ગાંધીનગર, તા.૨૯

રાજયની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ફુટસલ રમતના નેશનલ કેમ્પનું આયોજન સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં તૈયાર થયેલ ગુજરાતની બંને ટીમે ઉત્તરપ્રદેશના ઝાંસી ખાતે યોજાયેલ રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં તૃતીય સ્થાન હાંસલ કર્યું હતું. આ ટીમમાં ન્યુ ગાંધીનગરની સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી આદિત્ય ઠાકોર પણ રમ્યો હતો.

ફુટસલ રમતની રાષ્ટ્રીય ટૂર્નામેન્ટ ગત તા. ૨૩મી નવેમ્બરથી તા. ૨૫મી નવેમ્બર દરમિયાન યુપીના ઝાંસી ખાતેના મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ મોકલવા માટે તા. ૧૨મીથી તા. ૨૦મી નવેમ્બર દરમિયાન સુરતના પી.પી.સવાણી અબ્રામા ખાતે નેશનલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાંથી પસંદ કરાયેલી ટીમમાં ન્યુ ગાંધીનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલના આદિત્ય એમ. ઠાકોરની પણ પસંદગી કરવામાં આવી હતી જે ટૂર્નામેન્ટ રમ્યો હતો. ઉલ્લેખનીય છે કે આ રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં બૉયઝ અને ગર્લ્સ બંને ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

માહિતી અને પ્રસારણ વિભાગના નિવૃત્ત અધિકારીઓનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના નિવૃત્ત અધિકારીઓ દ્વારા તા. ૨૪-૧૨-૨૦૧૮ને શનિવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે નૂતન વર્ષ નિમિત્તે ઉમિયા માતાના મંદિર, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હાજર રહેલ સભ્યો સાથે જૂના સંસ્મરણો યાદ કરી, શુભેચ્છા પાઠવવામાં આવી અને સુરૂચી ભોજન લીધા બાદ અન્ય કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

કે.બી. ફાર્મસી કોલેજ ખાતે આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજાયો

કેબી ફાર્મસી કોલેજ સેકટર-૨૩ ગાંધીનગર ખાતે ફાર્માસીસ્ટ ફોર હેલ્ધી ઈન્ડિયા થીમ ઉપર નેશનલ ફાર્મસી વિક ૨૦૧૮ના અનુસંધાને વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજવામાં આવેલ જેના પગલે જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા ટીબીના રોગના લક્ષણો, નિદાન અને સારવાર અંગેની સંપૂર્ણ માહિતી જિલ્લા ક્ષય કેન્દ્રથી કેયુર આર. જયસ્વાલ દ્વારા આપવામાં આવી હતી અને હાલમાં સરકાર દ્વારા ટીબી નાબૂદ અભિયાનમાં જોડાવા અંગે તમામ વિદ્યાર્થીઓને આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં ફાર્મીસ કોલેજ ખાતેથી સંદિપ ભટ્ટે સુંદર આયોજન કર્યું હતું.

વાવોલમાં પુનઃ ઘરફોડીયાઓ ત્રાટક્યા

ચોર મકાનનાં પ્રથમ માળે ચઢ્યો ને નીચે પટકાયો : ટોળકી ભાગી ગઈ, ઘાયલ ચોર પકડાઈ ગયો

પકડાયેલો ટાબરિયો સગીર વયનો હોવાનું ખૂલ્યું: હોસ્પિટલમાં દાખલ ટાબરિયા પાસેથી સાત સીમકાર્ડ મળ્યા : સઘન પૂછપરછમાં મોટી ઘરફોડ ગેંગનો પર્દાફાસ થાય તેવી શક્યતા : પોલીસની લાપરવાહી મામલે રહીશોની ગૃહમંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામમાં તસ્કરોનો તરખાટ યથાવત છે ત્યારે ગઈ રાત્રે પુનઃ તસ્કરો ત્રાટક્યા હતા. વાવોલમાં ગત રાત્રે ચોરી કરવા એક ગેંગ ત્રાટકી હતી. કેશવપાર્ક સોસાયટીમાં રાત્રે ચોરી કરવા આવેલા પાંચથી સાત શખ્સોમાંથી એક ટાબરીયો પહેલા માળેથી પટકાતા તેને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે સિવિલમાં ખસેડાયો છે. સઘન પુછતાછ થાય તો તેની પાસેથી મોટી ગેંગનો પર્દાફાસ થવાની શક્યતાઓ છે.

વાવોલમાં કેશવપાર્ક સોસાયટીના રહીશ મનોજભાઈ પટેલે ગૃહમંત્રી પ્રદીપસિંહને અરજી કરી છે તેમાં આક્ષેપ કરાયો છે કે છેલ્લા એક માસથી વાવોલ ગામમાં ચોરો બેફામ બન્યા છે. ન્યુ વાવોલમાં બનેલી સોસાયટીઓમાં ચોરીના બનાવો વધ્યા છે. કેશવપાર્ક સોસાયટીમાં ગત રાત્રે અઢી વાગ્યે એક મકાનમાં પથી ૭ શખ્સો ચોરી કરવા પહોંચ્યા



હતા. જેમાંથી એક ટાબરીયો પહેલા માળેથી નીચે પડતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. અચાનક થયેલા અવાજને પગલે સોસાયટીના રહીશો એકત્ર થઈ ગયા હતા અને ચોર હોવાનુ બહાર આવતા પોલીસને બોલાવી લીધી હતી. ઈજાગ્રસ્ત ચોર સગીર હોવાનું સામે આવ્યું હતું. જેની પાસેથી પાંચથી સાત સીમકાર્ડ મળી આવ્યા છે. ઘાયલ થયેલા ચોરને ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો જે હાલ સારવાર હેઠળ છે. ત્યારે હવે રહીશોની માંગ છે કે હોસ્પિટલમાં દાખલ ચોર સામે એફઆઈઆર દાખલ કરીને ઊંડી તપાસ કરો તો મોટા ખુલાસા થાય તેમ છે. ગૃહમંત્રીને કરાયેલી અરજીમાં આક્ષેપ કરાયો છે કે કેશવપાર્ક સોસાયટીમાં જ એક માસમાં ચોરીના ૩ થી૪ બનાવો બન્યા છે. જે તમામ બનાવો અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી છે. જો કે, પોલીસ પેટ્રોલિંગ હજુ પણ વધારવામાં આવતું નથી એટલે ચોરોને ચોરી કરવાનું મોકળું મેદાન મળી ગયું છે.

અમે પાંચ દિવસમાં કાશ્મિરને ભુલી ગયા તેટલો પ્રેમ અહીં મળ્યો

કાશ્મિરી યુવાનોએ રાજયપાલ સાથેની મુલાકાતમાં દિલ ખોલીને વાત કરી : આપણી વિવિધતાને કમજોરી નહી તાકાત બનાવો : ઓ.પી. કોહલી

ગાંધીનગર, તા.૨૯

'ભારત એક વૈવિધ્યપૂર્ણ રાષ્ટ્ર છે અને આ વિવિધતા આપણી કમજોરી નહી તાકાત બનાવી જોઈએ. ગુજરાત વિકસિત રાજય હોવા સાથે મહાત્મા ગાંધીજીનું જન્મસ્થળ છે જેમણે હિંસાનો ભાવ દૂર કરી શાંતિ અને અહિંસાનો સંદેશ આપ્યો હતો. ગુજરાતના તમારો અનુભવ સાથે મહાત્મા ગાંધીના આ સંદેશને પણ ત્યાં પ્રસરાવજો.' આ શબ્દો ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ આજે ગાંધીનગરના મહેમાન બનેલા ૧૩૨ કાશ્મિરી યુવાનોને કહ્યા હતા. આ સાથે કાશ્મિરી યુવાનોએ પણ હુંફાળો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે 'અમે પાંચ દિવસમાં અમારા કાશ્મિરને ભુલી ગયા છીએ તેટલો પ્રેમ અમને મળ્યો છે.'

'વતન કો જાનો' કાર્યક્રમ અંતર્ગત કાશ્મિર યુથ એકસચેન્જના ૧૩૨ યુવાનો છેલ્લા એક સપ્તાહથી યુથ હોસ્ટેલ ખાતે મહેમાન બન્યા છે અને નહેરુ યુવા કેન્દ્ર સાથે મળીને ગુજરાતને ઓળખવા પ્રયાસ કરી રહ્યા છે. આજે આ યુવાનોએ રાજયપાલની મુલાકાત લીધી હતી. રાજયપાલ ઓ.પી. કોહલીએ કાશ્મિરી યુવાનો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, 'કોઈ કાશ્મિરી પ્રત્યે ભારતના કોઈ નાગરિકને ઘૃણા નથી, કેટલાક મુઠ્ઠીભર આતંકવાદીઓ બહારની તાકાતના જોરે કાશ્મિરમાં અશાંતિ ફેલાવે છે અને તેનુ નુકશાન સમગ્ર દશને ભોગવવું

પડે છે તેથી કાશ્મિરમાં આ સમસ્યાનું સમાધાન કેવી રીત થાય તે તમારે વિચારવાનું છે.' રાજયપાલે આ સાથે ગુજરાતના વિકાસ તથા રાજયની શાંતિની પણ પ્રસંશા કરી હતી અને યુવાનોને ગુજરાતના વિકાસ મોડલને સમજવા વધુ સમય લઈને અહીં આવવા આહવાન કર્યું હતું. તેમણે યુવાનોને પોતાના અનુભવો લખવા માટે શીખ આપી હતી.

કાશ્મિરી યુવાનોએ રાજયપાલ સમક્ષ કાશ્મિરમાં પ્રવર્તી રહેલ અશાંતિ થતાં ફેલાયેલા ભ્રષ્ટાચાર અંગે દર્દ ઠાલવ્યું હતું અને તેઓ પણ ગુજરાત જેવી શાંતિ અને વિકાસ ઝંખી રહ્યા હોવાની લાગણી વ્યકત કરી હતી. આ સાથે તેમણે કબૂલ્યું હતું કે અહીં આવતા પહેલા ગુજરાત વિશે તેમના મનમાં ઘણી ગેરમાન્યતાઓ હતી પરંતુ અહીં આવ્યા પછી તે દૂર થઈ છે અને ગુજરાતના પ્રેમભાવથી તેઓ ગદગદિત થયા છે તેથી ગુજરાતી યુવાનો પણ કાશ્મિર આવે તેવી અપેક્ષા રાખી રહ્યા છે. તેમણે દેશના નાગરિકો તરફથી કાશ્મિરીઓ પ્રત્યે હમદર્દીની ઝંખના વ્યકત કરી હતી.

કાર્યક્રમમાં એડિશનલ ડીજીપી અનિલ પ્રથમ, નહેરુ યુવા કેન્દ્રના સ્ટેટ ડાયરેકટર અનિલ કૌશિક, યુથ કો ઓર્ડિનેટર રજનીકાંત સુથાર, ઉત્કર્ષ હેલ્થકેર સંસ્થાના કુસમ કૌલ, એનવાયકે એવોર્ડી ઋત્વી પટેલ તથા ગાંધીનગર જિલ્લાના યુવા અગ્રણીઓ કશ્યપ નિમાવત, જયેશ ચૌધરી અને સમીર રામી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે રજનીકાંત સુથારે સ્વાગત પ્રવચનમાં કાશ્મિર મુશ્કેલીઓથી લડી રહ્યું હોવાનું જણાવતા આ યુવાનોને ગુજરાતની જેમ વિકાસ અને શાંતિ તરફ આગળ વધવા ખભેખભા મિલાવી એક થવા હાકલ કરી હતી. કાર્યક્રમના સમાપને અનિલ કૌશિકે રાજયપાલ તથા યુવાનોનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન કશ્યપ નિમાવતે કર્યું હતું.

યુવાનોએ રાજયપાલને સફરજન-અખરોટ આપ્યા

રાજયપાલ સાથેની મુલાકાતમાં કાશ્મિરી યુવાનોએ ઓ.પી. કોહલીને કાશ્મિરના સફરજન તથા અખરોટની ભેટ આપવા સાથે કાશ્મિરી શૉલ ઓઢાડી સન્માન કર્યું હતું. દરેક યુવાનને રાજયપાલના હસ્તે પ્રમાત્ર પત્ર અપાયું હતું તથા કાર્યક્રમના સમાપને ગૃપ ફોટો પડાવ્યા બાદ રાજભવન તરફથી અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.